ક્રમાંક. ક - ૩/પરચ/૨૦૨૬/ ૬૭૬૪
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે,કારેલીબાગ,
વડોદરા.
તા.૨૮/૧૦/૨૦૨૬

૨/- જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, ગ્રાન્ટેડ તથા નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉ. માધ્યમિક શાળાઓ,(તમામ)
જિ. વડોદરા.

નકલ રવાના (જાણ તથા અમલવારી કરવા સારું.)

- શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ. વડોદરા

જા.નં./નરશ/૭૫૭-૮૩૭/૨૦૨૬
નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીની કચેરી,
૯મે માળ, જિલ્લા પંચાયત, વડોદરા.
તા. ૨૬/૧૦/૨૦૨૬

પ્રતિ,

- **તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,** તાલુકા:-તમામ, જિલ્લા:- વડોદરા
- **મુખ્ય શિક્ષકશ્રી, પ્રાથમિક/માધ્યમિક તથા ઉ.મા શાળા**-તમામ,જિ:- વડોદરા (TPEO મારફત)
- **બી.આર.સી.શ્રી/સી. આર.સી.શ્રી,** તમામ,જિ:- વડોદરા (TPEO મારફત)

વિષય:- ઉલ્લાસ – "નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" અંતર્ગત ૧૫ વર્ષથી ઉપરના વય જુથના નિરક્ષરોનો સર્વે કરવા તથા તેઓને ભણાવવા બાબત.

સંદર્ભ:- **(૧)** શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો પત્ર –પી.આર.ઇ/૨૦૨૦૨૬/ઇ-૨૬૨૭/ ક, તા. ૨૦/૬/૨૬

(૨) સાક્ષરતા અને નિરંતર શિક્ષણ ગાંધીનગરના સનશ/ગ-૧/૨૬/૮૩૪-૯૨૭/તા.૦૩/૦૮/૨૬

(૩) સાક્ષરતા અને નિરંતર શિક્ષણ ગાંધીનગરના સનશ/ગ-૧/૨૬/૧૬૨૭-૧૭૫૩ તા.૨૩/૧૦/૨૬

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે શિક્ષણ મંત્રાલય, ભારત સરકારશ્રી દ્વારા ઉલ્લાસ નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ અમલીકૃત છે.આ કાર્યક્રમ અંર્તગત FLNAT પરીક્ષા લેવામાં આવે છે.જેમાં ચાલુ વર્ષ-૨૦૨૬-૨૦૨૭ માં વધુમાં વધુ નિરક્ષરોનું રજીસ્ટ્રેશન થાય અને ગુજરાતનો સાક્ષરતા દર ઉંચો આવે તે મુજબ કાર્યપધ્ધતિ અનુસરવા ન્યુ દિલ્હીથી સુચના આપવામાં આવેલ છે.

હવે અગામી માર્ચ-૨૦૨૭ માં યોજનાર FLNAT પરીક્ષામાં વધુમાં વધુ નિરક્ષરો ઉપસ્થિત રહે તે માટે શિક્ષકો તથા સ્વયંસેવકો દ્વારા ઉલ્લાસ નવ ભારત સાક્ષરતા કાર્યક્રમ" યોજના અંતર્ગત ૧૫ થી ઉપરના વયજુથના બિનસાક્ષરોની સર્વેની કામગીરી ગામવાઇઝ સરપંચશ્રી તથા તલાટીશ્રી સાથે પરામર્શમાં રહીને કરવાની રહેશે. સાથે સાથે જે લોકોનો સર્વે થયેલ હોય તેવા નિરક્ષરોને ઉલ્લાસ એપ ઉપર ઓન લાઇન રજીસ્ટ્રેશન પણ કરવાનું રહેશે. આ તમામ કામગીરીનું સંચાલન અને નિયંત્રણ BRC તથા CRC કો- ઓર્ડિનેટરશ્રીઓએ કરવાનું રહેશે. તેમજ સદર કામગીરી પુરી કાળજી,ગંભીરતા અને નિષ્ઠાથી કરવા સુચના આપવામાં આવે છે.

દરેક ગામવાઇઝ પ્રાથમિક શાળામાં એક ઓરડામાં એડલ્ટ એજયુકેશન સેન્ટર (સામાજિક ચેતના કેન્દ્ર) ઉભું કરવું જેથી ગામના નિરક્ષરોને ત્યાં બેસાડીને ભણાવી શકાય.

જિ. શિ. અ. કચેરી, વડોદરા
પત્રની ... ૬૯૫૫
28/10/26

ના. જી. ની. શિ.,વડોદરા

આગામી માર્ચ-૨૦૨૭ માં લેવાનાર FLNAT ની પરીક્ષામાં વધુમાં વધું નિરક્ષરો ઉપસ્થિત રહે તે સુનિશ્ચિત કરવા માટે તેઓને ભણાવી, યોગ્ય માર્ગદર્શન આપી પ્રોત્સાહિત કરવાના રહેશે.

૧૫ થી ઉપરના વયજુથના નિરક્ષરોનો સર્વેની કામગીરી પુર્ણ કરીને સદર માહિતી અત્રેની કચેરી દ્વારા મોકલેલ સ્થાનિક સર્વે માટેના ઓફલાઇન સર્વે ફોર્મમાં મોકલી આપવા જણાવવામાં આવે છે.

વધુમાં, જિલ્લામાં હજી પણ ઘણા બધા સાક્ષર થવાના બાકી રહેલ છે. જેઓ આગામી FLNAT ની પરીક્ષામાં ઉપસ્થિત રહે તે માટે શાળાના શિક્ષકો તથા સ્વયંસેવકો દ્વારા B L O ની પાસેથી યાદી મેળવી તેમજ S M C ના સભ્યો/વિધ્યાર્થીઓ/વાલીઓ પાસેથી જાણકારી મેળવી આ પ્રક્રિયાને ઝડપી બનાવીને ૨૦૨૬-૨૭ ના વર્ષમાં ગુજરાત રાજ્ય સંપૂર્ણ સાક્ષર બનાવવાના સધન પ્રયત્નો હાથ ધરવાના રહેશે.

નાયબ જિલ્લા નિરંતર શિક્ષણાધિકારીશ્રી
વડોદરા

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
વડોદરા

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
વડોદરા શહેર

જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
વડોદરા ગ્રામ્ય

પ્રાચાર્યશ્રી
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
વડોદરા

નકલ રવાના જાણ તથા અમલવારી કરાવવા આપની કક્ષાએથી કાર્યવાહી કરવા સારૂ:-

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, તમામ જિલ્લો- વડોદરા

સવિનય નકલ રવાના જાણ સારૂ:

- મે. મદદનીશ નિયામકશ્રી, સાક્ષરતા અને નિરંતર શિક્ષણ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર.
- મે. જિલ્લા શિક્ષણાધિકારી વડોદરા

ના. જી. ની. શિ.,વડોદરા